ખેડબ્રહ્મા નગરપાલિકામાં આવાસ યોજના લાભાર્થીઓનો હલ્લાબોલ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા નગરપાલિકામાં શુક્રવારના બપોરે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા મકાન મંજુર ન થવા બાબતે નગરપાલિકામાં હલ્લાબોલ કર્યું હતું. અને ઘેરાવો કર્યો હતો અને વોર્ડમાં જીતેલા ઉમેદવારને કારોબારી મીટીંગમાં જતાં રોક્યા હતા.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં સાત વોર્ડનો સમાવેશ થાય છે. જેમાં પહેલા વોર્ડમા ચીખલી પેટા પરૂનો સમાવેશ થાય છે. જેમાં મોટાભાગે એસ.ટી. વનવાસી પરિવારો વસવાટ કરે છે. સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરવામાં આવી હતી જેમાં પ્રથમ તબક્કામાં ખેડબ્રહ્મા નગરપાલિકામાં ૧૦૫ મકાન મંજુર થયા હતા જેમાં ૭૨ મકાનો ચીખલીમાં મંજુર થયા હતા જેને નગરપાલિકાએ ત્રીપક્ષીય કરાર કરવી મકાન બનાવવામાં આવ્યા હતા. જેમને ૩.૫૦ લાખ પ્રમાણે સહાય ચુકવવામાં આવી હતી. ત્યાર બાદ હાલમાં નગરપાલિકા વિસ્તસરમાં ૩૦૦ મકાન મંજુર થયા છે. જેમાંથી ૧૭૫ મકાન ચીખલી મા મંજુર થયા છે પરંતુ મકાન માટે કોઈ કાર્યવાહી ન થતા મકાનનું કામ ચાલુ ન કરી શકતા લોકોમાં રોષ ફેલાયો છે.

ચિખલી ગામના ૨૦૦ જેટલા લોકો ખેડબ્રહ્મા નગરપાલિકામાં પહોંચી હલ્લાબોલ કર્યું હતું. સોલંકી મહેન્દ્રભાઈ, સોલંકી નરેશભાઈ સહિતના લોકોના જણાવ્યા અનુસાર પ્રથંમ રાઉન્ડમાં ૭૨ મકાન મંજુર થયા હતા તેના માટે લાભાર્થી દ્વારા ત્રિપક્ષીય કરાર, પેઢીનામું, પોતાના સર્વે નંબરમાં મકાન બનાવવાનું સોગંદનામું અને ઉતારામાં અન્ય નામના લોકોના સંમતિ પત્રક પણ જોડવામાં આવ્યા હતા. તેના આધારે લોકોને સરકાર દ્વારા સહાય ચૂકવી દેવામાં આવી હતી. પરંતુ હવે નવા મકાનો માટે આજ બધા ડોક્યુમેન્ટ આપવા છતાં નોડલ ઓફિસર રાજુભાઈ જાની સહી કરતા નથી તેના માટે અમારે નગરપાલિકમાં આવવાયુ પડયુ છે.

આ અંગે નોડલ ઓફિસર રાજુભાઈ જાનીના જણાવ્યા અનુસાર આવાસ યોજનામાં લાભાર્થીએ પોતાની જમીનમાં જ મકાન બનાવવાનું હોય છે. જેનું એજન્સી દ્વારા જીઓ ટ્રેકિંગ કરવમાં આવે છે અને ચીખલીમાં એક ઉતારામાં ૨૦થી ૨૫ નામો છે જેમને લાભ લેવા માટે પહેલા પોતાના પોત હિસ્સા અલગ કરાવવા પડે, ત્યાર બાદ લાભ મળી શકે અને સરકારના જીડીસીઆર પ્રમાણે એક ખેતરમાં એક જ ફાર્મ હાઉસ બનાવી શકાય તેમ છે. આ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવશે રાજુભાઈની વાત સાંભળતા એવું લાગ્યું કે આનાં પહેલા જે મકાન બન્યા છે તેમાં ક્યાંય કચાસ રહી હોય.

મોડાસાની ખાનગી શાળામાં એક માથા ફરેલ શિક્ષકનો ખોફ

૧૦ વિદ્યાર્થીઓ પર સ્ટીલની ફૂટપટ્ટી વડે તૂટી પડ્યા

મોડાસા, તા. ૨૬

મોડાસા શહેરની ખાનગી શાળામાં માર્ચ મહિનામાં શાળાના શિક્ષકે એક વિદ્યાર્થીને ઢોર માર મારતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી મંડળના ટ્રસ્ટીઓની દરમિયાન ગીરીથી મામલો થાળે પાડ્યો હતો. ત્યારે ફરીથી આજ ખાનગી શાળાના અન્ય એક માથા ફરેલ શિક્ષકે ધોરણ-પમાં વર્ગખંડના મોનિટરના કહેવાથી ૧૦ જેટલા વિદ્યાર્થીઓને હાથે ફૂટપટ્ટી વડે માર મારવામાં આવતા વિદ્યાર્થીઓના હાથ સૂઝી જતા અને હાથમાં લાલ ચટાક ચકામા ઉપસી આવતા વિદ્યાર્થીઓ શાળાથી ઘરે પહોંચી રડી ઉઠ્યા હતા વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો.

સમાજનાં ઘડતરમાં અને બાળકોનાં વિકાસમાં શિક્ષકોનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે. જો કે કેટલીક ઘટનાઓ શિક્ષકોની છબીને બગાડતી હોય છે. બાળકોને અહિંસાનાં પાઠ શીખવતા ક્યારેક શિક્ષકો જ ડંડાનો સહારો લેતા હોય છે. મોડાસાની ખાનગી શાળામાં ધોરણ-પમાં અભ્યાસ કરતા બાળકો પર શાળાના એક શિક્ષકે વર્ગખંડના મોનિટરના કહેવાથી શિક્ષકે પિત્તો ગુમાવી ૧૦ જેટલા બાળકોને સ્ટીલની ફૂટપટ્ટી વડે મારતા બાળકોના હાથ પર ઉઝરડા અને લાલ ચકામા ઉપસી આવ્યા હતા. શિક્ષકના ભયથી સતત ફફડતા બાળકોએ ઘરે જઈ અસહ્ય પીડા સહન કરી માતા-પિતાને જણાવ્યું ન હતું પણ આખરે અસહ્ય મારથી એક વિદ્યાર્થિનીના હાથના ભાગે લોહી ગંઠાઈ જતા અને હાથપર લાલ ઉઝરડા ઉપસી આવતા પિતાએ બાળકને પુછાતા બાળકે રડતા-રડતા

પિતાને સમગ્ર ઘટના અંગે વાત કરતા પિતાનો ગુસ્સો આસમાને પહોંચ્યો છે. વિદ્યાર્થિનીના પિતાના જણાવ્યા અનુસાર ધોરણ-પમાં અભ્યાસ કરતા બાળકોને આ ત્રીજીવાર એક જ શિક્ષક દ્વારા માર મારવાની ત્રીજી ઘટના છે અગાઉ બે વાર શાળાના આચાર્યને રજુઆત કરવા છતાં આ માથા ફરેલ શિક્ષક સામે યોગ્ય પગલાં ન ભરાતા મારે મીડિયાનો સહારો લેવો પડ્યો છે અને પોલીસ સ્ટેશનમાં આ શિક્ષક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા કાયદાકીય સલાહ મેળવી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

એક બાજુ વરસાદ નથી તો બીજી બાજુ પાણીનો વેડફાટ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લા સહિત ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં મેઘરાજા વરસ્યા નથી. વરસાદ ન થવાને કારણે ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતા જગતનો તાત મુંઝવણમાં મુકાઈ ગયો છે તો બીજી બાજુ શહેરી વિસ્તારોમાં પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરના જીઈબી અને મહિલા પોલિસ સ્ટેશન નજીક પાણીની પાઈપ લીકેજ થતાં રોજ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. છેલ્લા કલાય સમયથી રોડ પર પાઈપ લાઈન તૂટી ગઈ છે જેને કારણે પાણીની અછત વચ્ચે તંત્રની બેદરકારીએ રોજનું હજ્જારો લીટર પાણી રસ્તા પર ફરી વળે છે.

મોડાસા નગરપાલિકાતંત્ર એકબાજુ નગરજનોને એકાંતરે પાણીનો જથ્થો પૂરો પડી રહી છે બીજીબાજુ તંત્રની બેદરકારીથી

હજ્જારો-લાખ્ખો લીટર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા વેડફાટ થઈ રહ્યો છે.

મોડાસા વીજ કચેરી નજીક તૂટેલી પાણીની પાઈપલાઈનથી વ્યર્થ ગયેલું બધુ પાણી મહિલા પોલિસ સ્ટેશનન આગળ ભરાઈ જવાની સ્થિતિ ઉભી થઈ છે. સ્થાનિક લોકો પાણીને બચાવવા પાઈપ લાઈન રીપેરિંગ કરવાની ભારે જહેમત તો ઉઠાવી રહી છે, પણ ઠીક નથી થતી. સ્થાનિક લોકો પાણી રોકવા જહેમત ઉઠાવી રહ્યા છે, તો તંત્ર પાસે સમય કેમ નથી તે એક સવાલ લોકો ઉઠાવી રહ્યા છે. રોડ પરથી પસાર થતા રાહદારીઓને પણ પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે.

મોડાસા એસટી ડેપોમાંથી કોમ્પ્યુટર સેટની ચોરી કરનાર ખુદ એસટી વર્કશોપનો એપ્રેન્ટિસ યુવક જ ચોર

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં ચોર, ઘરફોડ ગેંગ અને ચેન સ્નેચર ટોળકીના પડાવથી પ્રજાજનોમાં ભયનો માહોલ છવાયો છે. મોડાસા એસટી વર્કશોપમાંથી ૫ દિવસ અગાઉ કોમ્પ્યુટર સેટની ચોરી થતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. મોડાસા ટાઉન પોલીસ ટૂંકા ગાળામાં ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો જેમાં વર્કશોપમાંથી કોમ્પ્યુટર સેટ ચોરી કરનાર અન્ય કોઈ શખ્સ કે લૂંટારૂ ગેંગના બદલે વર્કશોપમાં એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવતો ૧૯ વર્ષીય યુવક જ ચોર નીકળ્યો હતો. એસટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ માથું ખંજવાળતા રહી ગયા હતા. અરવલ્લી જિલ્લાના મોડાસા એસટી વર્કશોપમાંથી કોમ્પ્યુટર સેટની ચોરી થયાની ફરિયાદ મોડાસા ટાઉન પોલીસમાં ૨૦ જુલાઈના રોજ નોંધાયેલ હતી જે બાબતની મોડાસા ટાઉન પોલીસ તપાસ ચલાવી રહી હતી તે દરમિયાન એસટી વિભાગના ટેકિનકલ સર્વેલન્સના આધારે પોલીસે બાયડ તાલુકાના ચોઈલા ગામનો વતની અને મોડાસા એસટી વર્કશોપમાં જ એપ્રેન્ટિસ તરીકે ફરજ બજાવતો ૧૯ વર્ષીય ધર્મેન્દ્ર વાળંદ ઉર્ફે ધમો જ ચોર નીકળ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે એસટી કર્મચારી ધર્મેન્દ્ર વાળંદની કોમ્પ્યુટર ચોરીના ગુન્હામાં ધરપકડ કરી અને વધુ પૂછતાછ હાથ ધરતા ધમાએ એક બાઈકની ચોરી પણ કરી હોવાની કબૂલાત કરી છે. હાલ પોલીસે ધરપકડ કરેલ આરોપી ધર્મેન્દ્ર વાળંદ પાસેથી એસટી વર્કશોપમાંથી ચોરી કરેલ ૨૨ હજારની કિંમતનો કોમ્પ્યુટર સેટ અને ૪૦ હજારની કિંમતનું બાઈક સાથેનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કર્મચારી પોતે એસટી વર્કશોપમાં ફરજ બજાવે છે ત્યારે એસટીના જ કોમ્પ્યુટર સેટના ડેટામાં કઈ છેડછાડ કરવા કે અન્ય કોઈ માહિતીની જાણકારી માટે પોતાની કચેરીના જ કોમ્પ્યુટર સેટની ચોરી કરી તે બાબતે તપાસ માટે મોડાસા પોલીસ આરોપીને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

જલોતરામાં અજગર દેખાતા લોકોમાં અફડાતફડી - વડગામ તાલુકાના જલોતરા ગામમાં ફરી એકવાર અજગર દેખાતા લોકોમાં ભયના માહોલ સાથે અફડાતફડી મચી ગઈ હતી. જલોતરા ગામમાં રહેતા ભુરીયા જેશંગભાઈના ખેતરમાં અજગર દેખાતા લોકોમાં ડરનો માહોલ સાથે અફડાતફડી મચી જવા પામી હતી અને વનવિભાગને જાણ કરાઈ હતી. વનવિભાગની ટીમ આવે તે પહેલા સ્થાનિક યુવાનો દ્વારા રેસ્ક્યુ કરી અજગરને પકડી વનવિભાગને સોંપી દિધો હતો. વનવિભાગ દ્વારા અજગરને જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો. ઉલ્લેખનિય છે કે છેલ્લા એક મહિનામાં જલોતરામાં આ બીજીવાર અજગરે દેખા દીધી છે જેને લઈને જલોતરા પંથકના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પાલનપુરમાં ટ્રાફિક પોલીસ અને છાત્રના વાલી વચ્ચે ચકમક ઝરતા ચકચાર

ટ્રાફિક પોલીસ છાત્રોને હેરાન કરતી હોવાની રાવ સાથે દંપતિએ પોલીસનો ઉધડો લેતો વિડિઓ થયો વાયરલ : દંપતિ સામે પોલીસની ફરજમાં રુકાવટ કરી ઝપાઝપી કરી હોવાનો ગુનો નોંધાયો

પાલનપુર

પાલનપુર શહેરમાં ટ્રાફિકની વકરતી જતી સમસ્યાને લઈને ટ્રાફિક પોલીસ દ્વારા વાહનો ટોઈંગ કરવામાં આવી રહ્યા છે. ત્યારે શહેરના ગોબરીરોડ પર એક વિધાર્થીનું એક્ટિવા ટોઈંગ કરવા જતા ટ્રાફિક પોલીસ અને વિધાર્થીના વાલી વચ્ચે ચકમક ઝરી હતી. ત્યારે ટ્રાફિક પોલીસ સાથેની ચકમકનો વિડિઓ વાયરલ થતા પોલીસે દંપતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરના ગોબરીરોડ વિસ્તારમાં સિલ્વર બેલ્સ સ્કૂલનો એક છાત્ર લાઈસન્સ વગર એક્ટિવા લઈને જતો હતો. ત્યારે પોલીસે તેને દંડ ભરવાનું કહેતા તેના વાલી (માતા-પિતા) દોડી આવ્યા હતા. જેઓએ ઉશ્કેરાઈ જઈ પોલીસ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી દંડ ભરવાનો ઈન્કાર કરી ટોઈંગ વાહનની ચાવી લઈ લેતા પોલીસે ફરજમાં રુકાવટ અને ઝપાઝપી કરવા બદલ આ દંપતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, આ ઘટનામાં સિક્કાની બન્ને બાજુ રજૂ કરતો વાયરલ થયેલા વિડિઓ ચર્ચાની એરણે ચડ્યો છે.

બનાસકાંઠા જિલ્લાની તમામ એકલવ્ય મોડેલ શાળાઓને જિલ્લા પ્રાયોજના કચેરી દ્વારા ધક્કે ચઢાવતા ભારે રોષ

જિલ્લાની કુલ ૧૦ જેટલી એકલવ્ય મોડેલ શાળાઓના બાળકો માટે સ્ટેશનરી-ટોઈલેટરીઝ, સાધાન-સહાય અને શાળાના પરચુરણ ખર્ચાઓ મંજુરી વગર રઝળ્યા

બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારોમાં રહેતા અનેક આદિજાતી પરીવારોના બાળકોના અભ્યાસ અર્થે સરકારશ્રી દ્વારા એકલવ્ય મોડેલ સ્કુલો ચાલે છે. તેમા છેલ્લા કેટલાક સમયથી જિલ્લા પ્રાયોજના વહીવટદાર (ટ્રાયબલ આદિજાતી કચેરી) દ્વારા તમામ સ્કુલોને જાણે કે ભગવાન ભરોસે મુકતા હોય તેમ બધુ ચાલી રહ્યુ છે.

આ સમગ્ર શાળાઓમાંથી સુત્રોના જણાવ્યાનુંસાર છેલ્લા ઘણા સમયથી જગાણા એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કુલનો વહિવટ અખબારોના પાને ચમક્યો છે.તે અંગે આ જવાબદાર અધિકારી દ્વારા તે શાળાના આચાર્યની સામે નિષ્કાળજીનો આક્ષેપ કરી પોતાના હસ્તક કરવાની કામગીરીમાં લુલો બચાવ કર્યો છે.

સમગ્ર જિલ્લાની કુલ – ૧૦ એકલવ્ય મોડેલ સ્કુલો જેવી કે, કન્યા સાક્ષરતા નિવાસી શાળા (કુલ -૫), મોડેલ શાળા (કુલ – ૨), એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કુલ (કુલ – ૩) છે. તેમા અંબાજી ૩ શાળાઓ, અમીરગઢ ૪ શાળાઓ, જગાણા ૨ શાળાઓ અને દાંતા ૧ શાળા હાલ ચાલી રહી છે. આ તમામ શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રથી તમામ વિધ્યાર્થિઓને દર માસે મળવાપાત્ર ટોઈલેટરિઝ (ન્હાવાનો અને કપડા ધોવાનો સાબુ, તેલ, બ્રશ, ઊલિયુ, કોલગેટ, શેમ્પુ, પાવડર વગેરે) નો સમાવેશ થાય છે. જયારે સ્ટેશનરીમાં નોટબુક, પેન, પેંન્સિલ, રબર, સ્વાધ્યાયપોથી, કમ્પાસ,, અપેક્ષિત વગેરે વસ્તુઓ હજુ સુધી મળી નથી.

ઉપરોક્ત સામગ્રી ગરીબ વાલીઓ દેવુ કરીને પોતાના વ્હાલા સંતાનો માટે બજારમાંથી ખરીદીને લાવી રહ્યા છે. ઉપરોક્ત તમામ શાળાઓમા સરકારે વિધ્યાર્થીઓ માટે ફાળવેલ ગ્રાન્ટો વણવપરાયેલ પડી રહી છે. વધુમાં શાળામાં સિકયોરિટી, ભોજન, સફાઈમાં પણ ભારે બેદરકારી છવાઈ જવા પામી છે. મળતી માહિતી દ્વારા આ સમગ્ર બાબતો અંગે જે તે શાળાના આચાર્યો દ્વારા જિલ્લા મથક પાલનપુર ખાતે કાર્યરત જિલ્લા પ્રાયોજના વહિવટદાર કચેરીના અધિકારી સમક્ષ લેખિતમાં વારંવાર રજુઆતો કરવામાં આવી છે. તેમ છતા પણ તેમના દ્વારા કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. આથી એકલવ્ય શાળાના બાળકો હાલ અધવચ્ચેથી અભ્યાસ છોડી રહ્યા છે. જેમા જગાણા શાળના અડધા થી પણ વધારે વિધ્યાર્થિઓ ન્ઝ લઈને, શાળા છોડીને જતા રહ્યા છે.

પીવાનુ પાણી તથા કોઈપણ બાળક બિમાર પડે તો તેની સારવાર માટે પણ કોઈ જ વ્યવસ્થા નથી

આમ સમગ્ર જિલ્લામાં ચાલતી સરકારની ભગીરથ અને આદિવાસીઓના વિધ્યાર્થિઓ માટેની શાળાઓ માટે જિલ્લાના ટ્રાઅબલ અધિકારી સામે ઉગ્ર રોષ આ વિસ્તારના લાભાર્થિઓમાં ઉઠવા પામ્યો છે.

સ્થાનીક ધારાસભ્ય (કોંગ્રેસ) કાંતિભાઈ ખારાડીને પણ અનેક રજુઆતો કરવા છતાય કોઈ પગલા ભરાતા નથી. શુ ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ બનાસકાંઠાના ગરીબ આદિવાસીઓની સમસ્યાઓને સત્વરે ઉકેલશે ખરા ?

પાલનપુરમાં અપહૃત બાળકીનો હેમખેમ છુટકારો

જોરાવર પેલેસના જન સેવા કેન્દ્ર આગળથી અજાણી મહિલાએ બાળકીનું અપહરણ કર્યુ

પાલનપુર

પાલનપુર જોરાવર પેલેસમાં આવેલા જન સેવા કેન્દ્ર આગળથી અજાણી મહિલા અને એક શખ્સે રિક્ષામાં બાળકીનું અપહરણ કરતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ અંગેની જાણ થતાં જ એકશનમાં આવેલી પોલીસે ગણતરીના કલાકોમાં જ અપહ્યત બાળકીને હેમખેમ છોડાવી હતી. આ ઘટનાક્રમને પગલે શહેરભરમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. પાલનપુર શહેરના જોરાવર પેલેસ કે જ્યાં જિલ્લા પોલીસવડા, જિલ્લા કલેકટર સહિતની સરકારી કચેરીઓ આવેલી છે. ત્યાં મામલતદાર કચેરીની સામે આવેલા જન સુવિધા કેન્દ્ર નજીકથી એક અજાણી મહિલાએ નાની બાળકીનું રિક્ષામાં અપહરણ કર્યુ હતુ. આ અંગેની જાણ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. દરમિયાન પોલીસને જાણ થતાં જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી ડીવાયએસપી એ. આર. જનકાંત સહિત પોલીસની ટીમો એકશનમાં આવી હતી. અને ગણતરીના કલાકોમાં જ માલણ દરવાજા વિસ્તારમાંથી અપહરણકર્તા મહિલાના સકંજામાંથી બાળકીને હેમખેમ છોડાવવામાં આવી હતી. આ ઉપરાંત ડીવાયએસપી એ. આર. જનકાંતે જણાવ્યું હતું કે, બાળકીના વાલી-વારસોની શોધખોળ ચાલુ છે.

કુવારસી બીટ જમાદારના ત્રાસ સામે એસ.પી.કચેરીએ રજુઆત

બનાસકાંઠા જિલ્લાના હડાદ પોલીસ મથકની કુંવારસી ગામ ના બીટ જમાદાર ના ત્રાસથી એક આખું ગામ એસપી કચેરીએ દોડી આવ્યું હતું. જ્યાં આ જમાદાર ગામ લોકોને હેરાન પરેશાન કરતા હોવાની રજુઆત સાથે લોકોએ એસપી કચેરીએ ન્યાયની ગુહાર લગાવી હતી.

દાંતા તાલુકાના હડાદ પોલીસ મથકની કુવારશી ગામની બીટ છે. અને બીટ જમાદારને ત્રાસને લઈને ગ્રામજનો પાલનપુર ખાતેની એસપી કચેરીએ દોડી આવ્યા હતા. એસપી કચેરીએ ગ્રામજનો રજૂઆત કરી હતી. જમાદાર વારંવાર ગામ લોકોને પરેશાન કરે છે. ખોટી તપાસના નામે લોકોને હેરાન પરેશાન કરવાની પણ રજૂઆત કરી હતી. સાથે સાથે ગ્રામજનોને હેરાન કરતાં આ જમાદારની બદલીની માંગ કરી હતી.

ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ તરીકે યુસુફભાઈ નો ભવ્ય વિજય

ધાનેરા

ધાનેરા નગરપાલિકા ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ ના યુસુફભાઈનો પાલિકા પ્રમુખ તરીકે ભવ્ય વિજય થતા કોંગ્રેસના આગેવાનોએ વિજય મહોત્સવ મનાવ્યો હતો અને વિજય સરઘર્ષ નીકળ્યું હતું તો બીજી તરફ પાલિકાના નવા પ્રમુખે પણ ધાનેરાની જનતાને ધાનેરાનો વિકાસ કરવાની ખાતરી આપી હતી

ધાનેરા નગરપાલિકાના પ્રમુખ બળવંતભાઈ બારોટને ત્રણ સંતાનોના વિવાદને લઈ હાઈકોર્ટે સસ્પેડ કરતા સમગ્ર ધાનેરા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી અને તે બાદ આજે ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ માટે પેટા ચૂંટણી ધાનેરા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજતા ભાજપ માંથી જબરાજી સવાજી રાજપૂત અને કોંગ્રેસમાંથી યુસુફભાઈ મોહમ્મદભાઈ બેલીમએ ઉમેદવારી નોંધાવી હતી જેમાં કોંગ્રેસ ના ઉમેદવારને ૧૭ મત મળ્યા હતા જયારે ભાજપના ઉમેદવારને ૧૧ મત મલ્યા હતા કોંગ્રેસના ઉમેદવરને બહુમતી મળતાં ધાનેરા નગરપાલિકા પ્રમુખ બન્યા હતા ધાનેરા નગરપાલિકા તરીકે યુસુફભાઈનો વિજય થતા યુસુફભાઈએ પણ કોંગ્રેસ પક્ષ પાલિકાના સદસ્યો તેમજ ધાનેરા વાસીઓનો આભાર માન્યો હતો અને ધાનેરાનો વિકાસ કરવાની ખાતરી આપી હતી તો બીજી તરફ ધાનેરા પાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટે વિપક્ષ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મારુ એક બાળક ખોવાયેલ છે અને જયારથી હું પ્રમુખ તરીકે બેઠો ત્યારથી આ લોકો વિકાસના કામમાં રોડ નાખતા હતા અને અને આજે પણ જે પ્રમુખ બન્યો તે અમારા પક્ષનો જ છે અને હું આજે પણ ધાનેરાના વિકાસ માટે કામોમાં સતત મદદરૂપ થઈશ.